# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 23/09/2026 |
| Test Time | 1:00 PM - 3:00 PM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Read the sentence carefully and choose the word that best completes the blank so the sentence is grammatically correct and meaningfully precise.**

**If he ________ harder, he would have passed the exam.**

**Ans**
✗ 1. were studying
✗ 2. studied
✗ 3. studies
✓ 4. had studied

**Q.2** **Select the option that can correctly replace the underlined words in the given sentence.**
**Instead of writing a lengthy explanation, the teacher showed a diagram because <u>a visual representation can explain more than many words.</u>**

**Ans**
✗ 1. don't count your chickens before they hatch
✓ 2. a picture is worth a thousand words
✗ 3. kind words will unlock an iron door
✗ 4. necessity is the mother of invention

**Q.3** **Select the option which correctly converts the simple sentence to complex sentence:**
**Owing to his severe illness, the lead actor was unable to perform on the opening night of the play.**

**Ans**
✗ 1. Because of he was severely ill, the lead actor was unable to perform on the opening night of the play.
✗ 2. Since he was severely ill, so the lead actor was unable to perform on the opening night of the play.
✗ 3. He was severely ill, the lead actor was unable to perform on the opening night of the play.
✓ 4. Because he was severely ill, the lead actor was unable to perform on the opening night of the play.

**Q.4** **Select the option that correctly converts the given sentence into the passive voice.**
**The flu killed many people in 1920.**

**Ans**
✓ 1. Many people were killed by the flu in 1920.
✗ 2. The flu was killing many people in 1920.
✗ 3. Many people are killed by the flu in 1920.
✗ 4. Many people have been killed by the flu in 1920.

**Q.5** **"He comes to my house everyday." નો યોગ્ય ગુજરાતી અનુવાદ કયો છે?**

**Ans**
✗ 1. તે દરરોજ મારા ઘરે રહે છે.
✗ 2. તે ક્યારેય મારા ઘરે આવતો નથી.
✓ 3. તે દરરોજ મારા ઘરે આવે છે.
✗ 4. તે દરરોજ મારા ઘરે ગયો હતો.

**Q.6** **Choose the correct word for the underlined segment from the options.**
**He addressed the audience so <u>clumsily and in an uncomfortable way</u> that no one could understand what he said.**

**Ans**
- ✗ 1. Evasively
- ✓ 2. Ineptly
- ✗ 3. Distractedly
- ✗ 4. Completely

**Q.7** **Select the most appropriate option to fill in the blank.**
**The careers adviser told the student that she _______ consider applying to universities that offered scholarships to academically exceptional candidates.**

**Ans**
- ✓ 1. could
- ✗ 2. will
- ✗ 3. can
- ✗ 4. may

**Q.8** **Select the most appropriate option to complete the given sentence. The guest of honour during the grand ceremony was the Romanov ________ to the throne of all Russia.**

**Ans**
- ✗ 1. air
- ✗ 2. hair
- ✗ 3. ere
- ✓ 4. heir

**Q.9** **In the given question, a statement divided into different segments is given. The first segment is fixed; rearrange the other segments (P, Q, R, S) to form a coherent and meaningful statement.**
**The conservationists celebrated**
**(P) efforts in coastal reserves**
**(Q) following habitat restoration**
**(R) after endangered bird numbers rose**
**(S) which had been neglected for decades**

**Ans**
- ✓ 1. RQPS
- ✗ 2. SRQP
- ✗ 3. QPSR
- ✗ 4. PQRS

**Q.10** **Select the correct form of present tense.**

**Ans**
- ✗ 1. He does not had a good time in there in Mumbai.
- ✗ 2. I gives you a good lesson.
- ✗ 3. Does I know whom to vote for?
- ✓ 4. Nikhil shares his lunch with his colleagues every day.

**Q.11** **Select the most appropriate option that can substitute the underlined segment in the given sentence.**
**His <u>strong dislike for women</u> made him unpopular among his colleagues.**

**Ans**
- ✗ 1. mischief
- ✗ 2. misandry
- ✗ 3. melancholy
- ✓ 4. misogyny

Q.12 Which of the given options best completes the sentence.
My friend saw __ owl sitting on the tree branch.

Ans
✗ 1. the
✗ 2. some
✓ 3. an
✗ 4. a

Q.13 Choose the correct form of future tense to fill in the blank.

The structural engineers promise that they _______ the bridge blueprint by tomorrow afternoon.

Ans
✓ 1. will have finished
✗ 2. will finish
✗ 3. are finishing
✗ 4. will have been finishing

Q.14 In the following sentence, the underlined part contains an error. Choose the option that best replaces the underlined part to make the sentence grammatically correct.
Between **you and I**, this secret should be kept safe.

Ans
✗ 1. you with me
✗ 2. I and you
✗ 3. me and you
✓ 4. you and me

Q.15 Choose the synonym for the bold word in the given sentence.

The **enormous** building could be seen from miles away.

Ans
✗ 1. low
✗ 2. narrow
✓ 3. huge
✗ 4. quiet

Section : **Gujarati**

Q.16 'ન મામા કરતા કહેણો મામો સારો' કહેવતનો યોગ્ય અર્થ પસંદ કરો.

Ans
✗ 1. ખોટા માણસ પર વિશ્વાસ કરવો જોઈએ.
✗ 2. કોઈપણ કામમાં સંપૂર્ણ સફળતા જ મેળવવી જોઈએ.
✗ 3. સંબંધીઓથી હંમેશાં દૂર રહેવું જોઈએ.
✓ 4. કશુંજ ન મળે એ કરતાં થોડુંયે મળે તો સારું.

Q.17 નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

Ans
✗ 1. પુસ્તકાલયથી શાંતિ જાળવવી એ દરેક જિજ્ઞાસુ વાચકની ફરજ છે.
✓ 2. પુસ્તકાલયમાં શાંતિ જાળવવી એ દરેક જિજ્ઞાસુ વાચકની ફરજ છે.
✗ 3. પુસ્તકાલયમાં શાંતિ જાળવવી એ દરેક જિજ્ઞાસુ વાચકનું ફરજ છે.
✗ 4. પુસ્તકાલયમાં શાંતિ જાળવવી એ દરેક જીજ્ઞાસુ વાચકની ફરજ છે.

Q.18 'આદર' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
✓ 1. સન્માન
✗ 2. ઉપેક્ષા
✗ 3. તિરસ્કાર
✗ 4. અપમાન

Q.19 આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : દર્શન ક્રિકેટ રમે છે.

Ans
- ✗ 1. Darshans plays cricket.
- ✗ 2. Darshan play cricket.
- ✗ 3. Darshan are play cricket.
- ✓ 4. Darshan plays cricket.

Q.20 'ઢ્ + ઊ' થી કયો અક્ષર તૈયાર થાય છે?

Ans
- ✗ 1. ઢે
- ✗ 2. ઢુ
- ✗ 3. ઢી
- ✓ 4. ઢૂ

Q.21 નીચે આપેલ પંક્તિનો અલંકાર ઓળખાવો.
દેહ પર તીણા ઉઝરડા હોરના;
થીજી રહ્યા છે આજ ઠંડા પહોરના!

Ans
- ✗ 1. યમક અલંકાર
- ✓ 2. અંત્યનુંપ્રાસ અલંકાર
- ✗ 3. વ્યતિરેક અલંકાર
- ✗ 4. ઉપમા અલંકાર

Q.22 'કૃશાનુ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
- ✗ 1. ચંદ્ર
- ✗ 2. પવન
- ✗ 3. નદી
- ✓ 4. અગ્નિ

Q.23 'આત્મહત્યા' શબ્દનો સમાસ ઓળખાવો.

Ans
- ✗ 1. કર્મધારય
- ✗ 2. દ્વંદ્વ
- ✓ 3. તત્પુરુષ
- ✗ 4. દ્વિગુ

Q.24 ધરો કુસુમ શ્રીફ્લો, ન ફરી જીવને આ થવો : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

Ans
- ✗ 1. મંદાક્રાન્તા
- ✓ 2. પૃથ્વી
- ✗ 3. હરિણી
- ✗ 4. શિખરિણી

Q.25 "યોગદાન" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?

Ans
- ✗ 1. Denial
- ✓ 2. Contribution
- ✗ 3. Withdrawal
- ✗ 4. Refusal

Q.26 સૌથી પહેલો શબ્દ કયો આવશે?

Ans
- ✗ 1. બજાર
- ✗ 2. બરફ
- ✓ 3. બગીચો
- ✗ 4. બટાકા

**Q.27** **ધ્વનિઓ ઉચ્ચારતી વખતે હવા સંઘર્ષ પામીને બહાર આવે છે, તેને શું કહેવાય?**

Ans
- ✗ 1. અનુનાસિક
- ✗ 2. હ્રસ્વ સ્વર
- ✗ 3. અલ્પપ્રાણ
- ✓ 4. સંઘર્ષી ધ્વનિ

**Q.28** **સાચી જોડણી શોધો.**

Ans
- ✓ 1. સ્વપ્નદર્શન
- ✗ 2. સ્વપ્ન-દર્શન
- ✗ 3. સપ્નદર્શન
- ✗ 4. સ્વપ્ન દર્શન

**Q.29** **આપેલ વિકલ્પમાંથી 'ષડાનન' શબ્દનો સાચો સંધિ વિચ્છેદ શોધો.**

Ans
- ✗ 1. ષડ્ + નન
- ✗ 2. ષડા + નન
- ✓ 3. ષટ્ + આનન
- ✗ 4. ષ + ડાનન

**Q.30** **નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો:**

Ans
- ✗ 1. તે માંડ બચ્યો.
- ✓ 2. વડીલોના આશીર્વાદ હંમેશાં ફળે છે.
- ✗ 3. આ કામ તમારાથી જ થઈ શકશે.
- ✗ 4. તેને ભોજન આપવું જોઈએ.

## Section : General Awareness and Current Affairs

**Q.31** **મે 2026માં, વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર-જનરલે જાહેરાત કરી હતી કે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને યુગાન્ડામાં ફેલાયેલા રોગચાળાને પબ્લિક હેલ્થ ઇમર્જન્સી ઓફ ઇન્ટરનેશનલ કોન્સર્ન (PHEIC) ગણાવ્યો હતો. આ ઘોષણા કયા રોગના ફાટી નીકળવા સંબંધિત હતી?**

Ans
- ✓ 1. ઈબોલા વાયરસ રોગ (Ebola Virus Disease)
- ✗ 2. માબર્ગ વાયરસ રોગ (Marburg Virus Disease)
- ✗ 3. કોલેરા (Cholera)
- ✗ 4. લાસ્સા તાવ (Lassa Fever)

**Q.32** **ગ્રહાણુ પરિકલ્પના (planetesimal theory) મુજબ, ગ્રહોના નિર્માણના તબક્કાઓનો કયો ક્રમ સાચો છે?**

Ans
- ✗ 1. ગ્રહો (Planets) → ગ્રહાણુઓ (Planetesimals) → નિહારિકા (Nebula)
- ✓ 2. નિહારિકા (Nebula) → ગ્રહાણુઓ (Planetesimals) → ગ્રહો (Planets)
- ✗ 3. તારાઓ (Stars) → ગ્રહો (Planets) → નિહારિકા (Nebula)
- ✗ 4. ગ્રહાણુઓ (Planetesimals) → નિહારિકા (Nebula) → ગ્રહો (Planets)

**Q.33** **સરકારની 2026 ની ટેક્નોલોજી અપડેટમાં ઉલ્લેખ કર્યા મુજબ રિસર્ચ ડેવલપમેન્ટ એન્ડ ઇનોવેશન (RDI) સ્કીમનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે?**

Ans
- ✗ 1. આંતરરાષ્ટ્રીય પ્રવાસન પ્રોજેક્ટ્સને નાણાકીય સહાય પૂરી પાડવી
- ✗ 2. કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સની આયાત પર સબસિડી આપવી
- ✓ 3. લાંબા ગાળાના ભંડોળ દ્વારા ડીપ-ટેક સંશોધન અને નવોત્થાન (innovation)ને મજબૂત કરવું
- ✗ 4. દરેક જિલ્લામાં નવા વાણિજ્યિક વિમાનમથકો (commercial airports) સ્થાપવા

**Q.34** **હડપ્પા શિલ્પોમાં સામાન્ય રીતે કઈ સામગ્રીનો ઉપયોગ થતો હતો?**

Ans
❌ 1. આરસપહાણ અને સોનું
❌ 2. લોખંડ અને સ્ટીલ
❌ 3. લાકડું અને પ્લાસ્ટર
✔ 4. કાંસ્ય, પથ્થર અને ટેરાકોટા

**Q.35** **નીચેનામાંથી કયું લક્ષણ અલ્પહસ્તક ઇજારો (Oligopoly) બજાર વ્યવસ્થાને અન્ય પ્રકારના બજારોથી અલગ પાડે છે?**

Ans
❌ 1. પેઢીઓ વચ્ચે હરીફાઈનો સંપૂર્ણ અભાવ
❌ 2. ઘણા નાના ઉત્પાદકો અને જૂજ (થોડા) ખરીદદારોનું અસ્તિત્વ
❌ 3. અવેજી વિનાની માત્ર વિશિષ્ટ (unique) વસ્તુઓનું જ ઉત્પાદન
✔ 4. અલ્પ (થોડા) વેચનારા અને અસંખ્ય ખરીદદારોની હાજરી

**Q.36** **એપ્રિલ 2026 માં, ISRO દ્વારા કયા મુખ્ય માનવ અંતરિક્ષ સ્પેસફ્લાઇટ (human spaceflight) કાર્યક્રમ હેઠળ લદ્દાખમાં મિશન મિત્રા (Mission Mitra) લોન્ચ કરવામાં આવ્યું?**

Ans
✔ 1. ગગનયાન મિશન
❌ 2. આદિત્ય-L1 મિશન
❌ 3. SPADEX મિશન
❌ 4. ચંદ્રયાન મિશન

**Q.37** **2026 માં ગ્લોબલ હેરિટેજ ગ્રુપ એ માચુ પિચ્ચુ (Machu Picchu) અંગે પેરુની સરકાર સાથે ________ માટે સહયોગ (collaborate) કરશે.**

Ans
✔ 1. સંરક્ષણ (preservation) ને વધારવા અને મુલાકાતીઓ માટે સાઇટની સ્થિતિઓ (site conditions) માં સુધારો કરવા
❌ 2. સંરક્ષણ માટેના પ્રયાસો વિના પ્રવાસન (tourism) ને પ્રોત્સાહન આપવા
❌ 3. સુધારાઓ (improvements) કર્યા વિના પબ્લિક ઍક્સેસ (public access) ને મર્યાદિત કરવા
❌ 4. સાઇટની નજીક વાણિજ્યિક વિકાસ (commercial development) વધારવા

**Q.38** **વિકાસશીલ દેશોના શ્રમિકોમાં રોજગારીની તકો અને આવક મેળવવાની ક્ષમતાને કયું પરિબળ સૌથી વધુ સીધી રીતે મર્યાદિત કરે છે?**

Ans
❌ 1. સરકારી ખર્ચની તરાહ (પેટર્ન)
❌ 2. શહેરીકરણનો ઊંચો દર
❌ 3. નીચી માથાદીઠ આવક
✔ 4. શિક્ષણ અને તાલીમનો અભાવ

**Q.39** **ભારતમાં થિયોસોફિકલ સોસાયટી કોની સાથે ગાઢ રીતે જોડાયેલી હતી?**

Ans
❌ 1. સરોજિની નાયડુ
✔ 2. એની બેસન્ટ
❌ 3. બેગમ રૂકૈયા
❌ 4. પંડિતા રમાબાઈ

**Q.40** **ભારતના રાષ્ટ્રપતિ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય માંગી શકે છે?**

Ans
❌ 1. અનુચ્છેદ 312
✔ 2. અનુચ્છેદ 143
❌ 3. અનુચ્છેદ 32
❌ 4. અનુચ્છેદ 320

Q.41 કઈ નહેર ભૂમધ્ય સમુદ્રને રાતા સમુદ્ર સાથે જોડે છે?

Ans
1. કોરીન્થ નહેર (Corinth Canal)
2. સુએઝ નહેર (Suez Canal)
3. પનામા નહેર (Panama Canal)
4. કીલ નહેર (Kiel Canal)

Q.42 ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ 2026 માટે કઈ સત્તાવાર થીમ (official theme) જાહેર કરવામાં આવી છે?

Ans
1. વિજ્ઞાનમાં મહિલાઓ: વિકસિત ભારતને ઉત્પ્રેરિત કરવું (Women in Science: Catalyzing Viksit Bharat)
2. વિકસિત ભારત માટે સ્વદેશી ટેક્નોલોજીઓ (Indigenous Technologies for Viksit Bharat)
3. ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી (Science and Technology for Sustainable Future)
4. વૈશ્વિક કલ્યાણ/ સુખાકારી માટે વૈશ્વિક વિજ્ઞાન (Global Science for Global Wellbeing)

Q.43 શિલાલેખોના અર્થઘટન અનુસાર ગુપ્ત રાજવંશના પ્રથમ રાજા તરીકે કોની ઓળખ કરવામાં આવી હતી?

Ans
1. ચંદ્રગુપ્ત પ્રથમ
2. સમુદ્રગુપ્ત
3. ઘટોત્કચ (Ghatotkacha)
4. શ્રીગુપ્ત (Shreegupta)

Q.44 નીચેનામાંથી કઈ ભાષાને પરંપરાગત રીતે "આર્યોની ભાષા", "ઋષિઓની ભાષા" અને "વિદ્વાનોની ભાષા" તરીકે ગણવામાં આવે છે?

Ans
1. પ્રાકૃત
2. તમિલ
3. સંસ્કૃત
4. પાલી

Q.45 'ગુજરાત ગરિમા એવોર્ડ 2026' નીચેનામાંથી કઈ ઇવેન્ટ દરમિયાન એનાયત કરવામાં આવ્યા હતા?

Ans
1. ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી
2. ખેલ મહાકુંભ
3. વાઇબ્રન્ટ ગુજરાત સમિટ
4. નવરાત્રિ મહોત્સવ

Q.46 કઈ ભૌતિક વાતાવરણીય ઘટના નાઇટ્રોજનને સીધો જ જમીન સાથે ભળવા દે છે?

Ans
1. વીજળી પડવી
2. તીવ્ર આંધી
3. ભારે બરફવર્ષા
4. અતિભારે વરસાદ

Q.47 અસહકારનું આંદોલન પાછું ખેંચવા માટેનું તાત્કાલિક કારણ કયું હતું?

Ans
1. ગાંધી-ઇરવિન કરાર (Gandhi-Irwin Pact)
2. સાઈમન કમિશન (Simon Commission)
3. જલિયાવાલા બાગ હત્યાકાંડ (Jallianwala Bagh Massacre)
4. ચૌરી ચૌરા ઘટના (Chauri Chaura Incident)

Q.48 એક જ તત્વના જુદાજુદા સંરચનાકીય સ્વરૂપોને __________ તરીકે ઓળખવામાં આવે છે.

Ans
1. સંયોજનો (Compounds)
2. સમસ્થાનિકો (isotopes)
3. અપરરૂપો (allotropes)
4. બહુલકો (polymers)

Q.49 ક્યા શાસક મહાયાન બૌદ્ધ ધર્મના આશ્રયદાતા તરીકે જાણીતા છે?

Ans
1. સમુદ્રગુપ્ત
2. ચંદ્રગુપ્ત
3. બિંબિસાર
4. કનિષ્ક

Q.50 જો બે ઉપગ્રહોનું દળ, પ્રત્યેકને બમણું કરવામાં આવે અને તેમની વચ્ચેનું અંતર પણ બમણું કરવામાં આવે, તો તેમની વચ્ચે લાગતા ગુરુત્વાકર્ષણ બળમાં શું ફેરફાર થાય છે?

Ans
1. ગુરુત્વાકર્ષણ બળ યથાવત રહે છે.
2. ગુરુત્વાકર્ષણ બળ અડધું થાય છે.
3. ગુરુત્વાકર્ષણ બળ બમણું થાય છે.
4. ગુરુત્વાકર્ષણ બળ ચાર ગણું થાય છે.

Q.51 જાન્યુઆરી 2026 માં નવી દિલ્હી ખાતે યોજાયેલી 77મી પ્રજાસત્તાક દિવસની પરેડમાં પ્રદર્શિત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લોને કયો પુરસ્કાર આપવામાં આવ્યો હતો?

Ans
1. બેસ્ટ કલ્ચરલ પર્ફોર્મન્સ એવોર્ડ
2. પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ પુરસ્કાર
3. જજીસ ચોઈસ કેટેગરીમાં પ્રથમ પુરસ્કાર
4. બેસ્ટ ઇનોવેશન ઇન ડિસ્પ્લે એવોર્ડ

Q.52 નીચેનામાંથી કયું ભારતમાં હેમલેટેડ સેટલમેન્ટ (મજરા અથવા પરા પ્રકારની વસાહત)નાં એકમો માટે વપરાતું એક સ્થાનિક નામ છે?

Ans
1. ઢાણી (Dhani)
2. પોર્ટ (Port)
3. કેન્ટોનમેન્ટ (Cantonment)
4. મેટ્રો (Metro)

Q.53 જૂન 2026 માં કયા નેતા કર્ણાટકના 25મા મુખ્યમંત્રી બન્યા હતા?

Ans
1. સિદ્ધારમૈયા (Siddaramaiah)
2. ડી. કે. શિવકુમાર (D. K. Shivakumar)
3. આર. અશોક (R. Ashoka)
4. એચ. ડી. કુમારસ્વામી (H. D. Kumaraswamy)

Q.54 બારમી અને ચૌદમી સદી વચ્ચે આસામમાં અહોમ (Ahom) સ્થાપત્ય શૈલીના વિકાસમાં કયા પ્રભાવોના સંયોજને (combination of influences) ફાળો આપ્યો હતો?

Ans
1. દક્ષિણ ભારતની દ્રવિડ શૈલી અને ચોલ પરંપરાઓ
2. અપર બર્મામાંથી તાઈ સ્થળાંતર (Tai migration from Upper Burma) અને બંગાળની પાલ શૈલી (Pala style)
3. ઉત્તર ભારતની નાગર શૈલી અને દખ્ખણ (Deccan) ની વેસર શૈલી (Vesara style)
4. મુઘલ સ્થાપત્ય અને રાજપૂત સ્થાપત્ય પરંપરાઓ

Q.55 આર્થિક સુધારાઓ પછી બહુરાષ્ટ્રીય કંપનીઓએ શા માટે મોટા પાયે સેવાઓ ભારતને આઉટસોર્સ કરવાનું વધાર્યું છે?

Ans
1. અદ્યતન ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતા
2.
સ્પર્ધાત્મક શ્રમ ખર્ચ અને કુશળ કાર્યબળ
3. વ્યવસાયિક સેવાઓ માટે મોટી સ્થાનિક માંગ
4. વિદેશી કંપનીઓ માટે વ્યાપક સબસિડી સહાય

Q.56 પ્રવેગ (Acceleration) ને કયા દર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે?

Ans
1. બળમાં ફેરફારનો દર
2. અંતરમાં ફેરફારનો દર
3. વેગમાં ફેરફારનો દર
4. વિસ્થાપનમાં ફેરફારનો દર

**Q.57** રામન ઇફેક્ટ (Raman Effect) ની શોધની યાદમાં 28 ફેબ્રુઆરી 2026 ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ 2026 ની મુખ્ય થીમ શું હતી?

**Ans**
✗ 1. વુમન ઇન સાયન્સ: ડ્રાઇવિંગ વિકસિત ભારત (Women in Science: Driving Viksit Bharat)
✗ 2. મન ઇન સાયન્સ: રેકગનાઇઝિંગ વિકસિત ભારત (Women in Science: Recognizing Viksit Bharat)
✓ 3. વુમન ઇન સાયન્સ: કેટેલાઇઝિંગ વિકસિત ભારત (Women in Science: Catalysing Viksit Bharat)
✗ 4. વુમન ઇન સાયન્સ: ઇનેબલિંગ વિકસિત ભારત (Women in Science: Enabling Viksit Bharat)

**Q.58** ભારતીય બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ, નીચેનામાંથી કયો અનુચ્છેદ રાજ્યને ગ્રામ પંચાયતોની રચના કરવાનો આદેશ આપે છે?

**Ans**
✗ 1. અનુચ્છેદ 41
✗ 2. અનુચ્છેદ 39
✗ 3. અનુચ્છેદ 43
✓ 4. અનુચ્છેદ 40

**Q.59** 1987 પછી રચાયેલી કઈ સમિતિએ ભારતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને બંધારણીય માન્યતા આપવાની ભલામણ કરી હતી?

**Ans**
✓ 1. પી. કે. થુંગન સમિતિ
✗ 2.
સરકારિયા કમિશન
✗ 3.
અશોક મહેતા સમિતિ
✗ 4.
બળવંતરાય મહેતા સમિતિ

**Q.60** ફેબ્રુઆરી 2026 માં, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય હેઠળ ઈન્ડિયા-AI ઇમ્પેક્ટ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્સ્પોના સત્તાવાર કસ્ટોડિયન તરીકે કઈ સંસ્થાએ કામ કર્યું હતું?

**Ans**
✓ 1. સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ ઓફ ઈન્ડિયા (Software Technology Parks of India)
✗ 2. ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશન (Digital India Corporation)
✗ 3. સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (Centre for Development of Advanced Computing)
✗ 4. નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (National Informatics Centre)

## Section : **Quantitative Aptitude**

**Q.61** ત્રણ મિત્રો, અર્જુન, બેલા અને કાર્લાએ એક વ્યવસાયમાં 2 : 3 : 5 ના ગુણોત્તરમાં નાણાંનું રોકાણ કર્યું. જો કુલ નફો ₹10,000 હોય, તો બેલાને કેટલો નફો મળશે?

**Ans**
✓ 1. ₹3,000
✗ 2. ₹2,000
✗ 3. ₹5,000
✗ 4. ₹4,000

**Q.62** એક છૂટક વેપારી બે કેલ્ક્યુલેટર દરેકને ₹2,400 ના ભાવે વેચે છે. એક કેલ્ક્યુલેટર પર તેને 20% નો નફો થાય છે, જ્યારે બીજા પર તેને 20% ની ખોટ થાય છે. તો આ વ્યવહારનું એકંદર (overall) પરિણામ શું થશે?

**Ans**
✓ 1. 4% ખોટ
✗ 2. 2% નફો
✗ 3. 2% ખોટ
✗ 4. ન તો કોઈ નફો કે ન તો કોઈ ખોટ થાય છે.

**Q.63** એક શાળા પુસ્તકાલય ₹1,440 માં નોટબુક્સના 12 પેકેજો ખરીદે છે. જો દરેક પેકેજમાં 8 નોટબુક હોય અને શાળા હવે તે જ પ્રકારના 15 પેકેજો ખરીદવા માંગે છે, તો તેઓએ કુલ કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

**Ans**
✓ 1. ₹1,800
✗ 2. ₹1,680
✗ 3. ₹1,920
✗ 4. ₹2,040

Q.64 એક દુકાનદાર એક ઉત્પાદનની કિંમતમાં 20% નો વધારો કરે છે અને ત્યારબાદ નવી કિંમત પર 25% નું વળતર (discount) આપે છે, અને અંતે પરિણામી કિંમત (resulting price) ને અમુક ટકાવારી મૂલ્ય (unknown percentage) થી વધારે છે. જો અંતિમ કિંમત એ મૂળ કિંમત કરતાં બરાબર 8% વધુ હોય, તો છેલ્લા તબક્કા (last step) માં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો હતો?

Ans
✗ 1. 15%
✗ 2. 25%
✓ 3. 20%
✗ 4. 10%

Q.65 એક હોડી પ્રવાહની દિશામાં 12 km/h ની ઝડપે મુસાફરી કરે છે અને પ્રવાહની ઝડપ 2 km/h છે. તો સ્થિર પાણીમાં હોડીની ઝડપ શોધો.

Ans
✗ 1. 12 km/h
✗ 2. 14 km/h
✓ 3. 10 km/h
✗ 4. 8 km/h

Q.66 A (2, 4) અને B (8, 10) ને જોડતા રેખાખંડનું 2:1 ગુણોત્તરમાં બહિર્વિભાજન કરતાં બિંદુ P ના યામ શોધો.

Ans
✓ 1. (14, 16)
✗ 2. (10, 12)
✗ 3. (14, 6)
✗ 4. (6, 18)

Q.67 માત્ર બે જ ઉમેદવારો ધરાવતી એક મતવિસ્તારની ચૂંટણીમાં, એક ઉમેદવારે કુલ માન્ય મતોના 70% મત મેળવ્યા અને તે ચૂંટણી જીતી ગયા. જો કુલ પડેલા માન્ય મતોની સંખ્યા 6,00,000 હોય, તો બીજા ઉમેદવારને કેટલા માન્ય મત મળ્યા હશે?

Ans
✗ 1. 2,40,900
✓ 2. 1,80,000
✗ 3. 4,20,000
✗ 4. 1,40,000

Q.68 રવિને અમુક દરે (certain rate) ₹5,000 ના મુદ્દલ પર 2 વર્ષ પછી ચક્રવૃદ્ધિ વ્યાજ તરીકે ₹1,060 મળે છે. તો 2 વર્ષના અંતે રકમ કેટલી હતી?

Ans
✗ 1. ₹7060
✗ 2. ₹5900
✓ 3. ₹6060
✗ 4. ₹5060

Q.69 એક પાણીની ટાંકી લંબવૃત્તીય શંકુ આકારની છે, જેનો પાયાનો વ્યાસ 20 cm અને ઊંચાઈ 15 cm છે. જ્યારે આ ટાંકી સંપૂર્ણ ભરેલી હોય ત્યારે તેમાં કેટલું પાણી (લિટરમાં) ભરાઈ શકે? (1 લિટર = 1000 ઘન સેન્ટીમીટર અને તમારા જવાબને દશાંશ ચિહ્ન પછી બે અંક સુધીમાં આવરી લો)

Ans
✗ 1. 1.99 લિટર
✗ 2. 1.26 લિટર
✓ 3. 1.57 લિટર
✗ 4. 2.09 લિટર

Q.70 બે પાઈપો A અને B અનુક્રમે 8 કલાક અને 12 કલાકમાં એક ટાંકીને ભરી શકે છે. જો બંને પાઇપ એકસાથે ખોલવામાં આવે અને 2 કલાક પછી A ને બંધ કરવામાં આવે, તો B ને ટાંકીને ભરવામાં વધુ કેટલા કલાક લાગશે?

Ans
✓ 1. 7 કલાક
✗ 2. 5 કલાક
✗ 3. 6 કલાક
✗ 4. 4 કલાક

Q.71 8 cm ની બાહ્ય ત્રિજ્યા અને 6 cm ની આંતરિક ત્રિજ્યા ધરાવતા એક ધાતુના પોલા ગોલકને ઓગાળીને 4 cm ત્રિજ્યાવાળા એક ઘન શંકુમાં ઢાળવામાં આવે છે.
તો આ શંકુની ઊંચાઈ કેટલી હશે?

Ans
- ✗ 1. 23 cm
- ✓ 2. 74 cm
- ✗ 3. 48 cm
- ✗ 4. 36 cm

Q.72 જો કોઈ વિતરણનો મધ્યક 48, ધારેલો મધ્યક 50 અને કુલ આવૃત્તિ 25 હોય, તો Σfd બરાબર _______ થાય.

Ans
- ✗ 1. -25
- ✗ 2. -80
- ✓ 3. -50
- ✗ 4. -75

Q.73 દ્વિઘાત સમીકરણ $3x^2 - 11x + 16 = 0$ નો વિવેચક ____ છે.

Ans
- ✗ 1. -81
- ✗ 2. -61
- ✗ 3. -91
- ✓ 4. -71

Q.74 એક ઇમારત 12 મીટર ઊંચી છે. જમીન પરના બિંદુથી ઇમારતની ટોચનો ઉત્સેધકોણ 45 ડિગ્રી છે. તે બિંદુથી ઇમારતના તળિયા સુધીનું અંતર કેટલા મીટર હશે?

Ans
- ✗ 1. 14 m
- ✓ 2. 12 m
- ✗ 3. 6 m
- ✗ 4. 8 m

Q.75 ₹20,000 ની રકમના વાર્ષિક 20% ના દરે 2 વર્ષ માટે રોકાણ પર મળતા ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી, જો અર્ધવાર્ષિક ધોરણે ચક્રવૃદ્ધિ કરવામાં આવે અને વાર્ષિક ધોરણે ચક્રવૃદ્ધિ રીતે કરવામાં આવે, તો આ બંને રીતે મળતા ચક્રવૃદ્ધિ વ્યાજ વચ્ચેનો તફાવત શોધો.

Ans
- ✗ 1. ₹460
- ✓ 2. ₹482
- ✗ 3. ₹472
- ✗ 4. ₹462

Q.76 જો સમીકરણો $x^2 - 7x + 12 = 0$ અને $x^2 - qx + 3 = 0$ ને બરાબર એક સમાન બીજ હોય તેમજ q ના તમામ શક્ય મૂલ્યોનો સરવાળો k હોય, તો 4k નું મૂલ્ય શોધો.

Ans
- ✗ 1. 37
- ✗ 2. 31
- ✗ 3. 33
- ✓ 4. 35

Q.77 એક વર્ગીકૃત વિતરણમાં વર્ગ અંતરાલ 10–20, 20–30, 30–40, 40–50, અને 50–60 માટેની આવૃત્તિઓ અનુક્રમે 6, 14, f, 8 અને 2 છે. જો આ વિતરણનો મધ્યક 31.5 હોય, તો ખૂટતી આવૃત્તિ f નું મૂલ્ય શોધો.

Ans
- ✓ 1. 10
- ✗ 2. 4
- ✗ 3. 6
- ✗ 4. 12

Q.78 એક પુસ્તક ₹200માં ખરીદવામાં આવ્યું અને ₹160માં વેચવામાં આવ્યું. ખોટની ટકાવારી ગણો.

Ans
1. 30%
2. 25%
3. 20% ✔
4. 10%

Q.79 એક લંબઘનનું ઘનફળ 60 $cm^3$, લંબાઈ 5 cm અને પહોળાઈ 3 cm છે. તો તેની ઊંચાઈ કેટલી હશે?

Ans
1. 5 cm
2. 2 cm
3. 3 cm
4. 4 cm ✔

Q.80 પાઈપ A એક ટાંકીને 60 મિનિટમાં ભરી શકે છે અને પાઈપ B તે જ ટાંકીને 90 મિનિટમાં ખાલી કરી શકે છે. જો બંને પાઈપ 10:00 A.M વાગ્યે એકસાથે ખોલવામાં આવે, તો ટાંકી કેટલા વાગ્યે સંપૂર્ણ ભરાઈ જશે?

Ans
1. 12:30 P.M
2. 1:00 P.M ✔
3. 11:30 A.M
4. 12:05 P.M

Q.81 એક વિદ્યાર્થી પોતાના ઘરેથી શાળાએ 4 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલીને જાય છે અને 6 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પાછો ફરે છે. જો ઘર અને શાળા વચ્ચેનું અંતર 6 કિલોમીટર હોય, તો રાઉન્ડ ટ્રિપ (આવવા-જવા) માટે લાગતો કુલ સમય કેટલો હશે?

Ans
1. 2.5 કલાક ✔
2. 2 કલાક
3. 3.5 કલાક
4. 3 કલાક

Q.82 જો સંખ્યાઓ 6 : x એ 15 : 35 ના સમાન પ્રમાણ (same proportion) માં હોય, તો અભિવ્યક્તિ 2x - 5 નું મૂલ્ય કેટલું થશે?

Ans
1. 23 ✔
2. 13
3. 19
4. 29

Q.83 એક કરિયાણાના વેપારીએ ₹18 પ્રતિ પેકેટના ભાવે બિસ્કિટના 10 પેકેટ ખરીદ્યા અને તે બધા કુલ ₹200 માં વેચ્યા. તો બિસ્કિટના 10 પેકેટ વેચવાથી તેને કેટલા ટકા નફો થયો?

Ans
1. $12\frac{1}{9}\%$
2. $11\frac{1}{8}\%$
3. $10\frac{1}{9}\%$
4. $11\frac{1}{9}\%$ ✔

Q.84 કાટકોણ ત્રિકોણ ABC માં, કોણ A ની સામેની બાજુ (opposite side) નું માપ 7 cm છે અને કર્ણ (hypotenuse) નું માપ 25 cm છે. તો sin A નું મૂલ્ય કેટલું થાય?

Ans
1. 24/25
2. 7/25 ✔
3. 25/7
4. 7/24

**Q.85** એક રકમને રિયા, મીના અને તારા વચ્ચે 2 : 3 : 5 ના ગુણોત્તરમાં વહેંચવામાં આવે છે. જો તારાને ₹1,500 મળે, તો રિયાને કેટલા રૂપિયા મળે છે?

**Ans**
- ✗ 1. ₹750
- ✗ 2. ₹1,200
- ✗ 3. ₹900
- ✓ 4. ₹600

**Q.86** જો 5% વાર્ષિક વ્યાજના દરે 4 વર્ષનું સાદું વ્યાજ ₹1,200 થાય, તો મુદ્દલ કેટલી હશે?

**Ans**
- ✗ 1. ₹5,800
- ✗ 2. ₹4,800
- ✗ 3. ₹5,500
- ✓ 4. ₹6,000

**Q.87** $\frac{3}{5} + \frac{1}{4}$ નું સાદું રૂપ આપો.

**Ans**
- ✗ 1. $\frac{7}{10}$
- ✗ 2. $\frac{3}{10}$
- ✗ 3. $\frac{7}{20}$
- ✓ 4. $\frac{17}{20}$

**Q.88** $\frac{(6052 \times 6052 - 2048 \times 2048)}{4004}$ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✗ 1. 6800
- ✓ 2. 8100
- ✗ 3. 6200
- ✗ 4. 7200

**Q.89** 72 km/h ની ઝડપે દોડતી એક ટ્રેન તે એક પ્લેટફોર્મને 30 સેકન્ડમાં પસાર કરે છે. જો ટ્રેનની લંબાઈ 300 મીટર હોય, તો પ્લેટફોર્મની લંબાઈ શોધો.

**Ans**
- ✗ 1. 250 મીટર
- ✓ 2. 300 મીટર
- ✗ 3. 400 મીટર
- ✗ 4. 360 મીટર

**Q.90** એક પાણીનો ઇનલેટ પાઇપ 8 કલાકમાં ટાંકી ભરી શકે છે, જ્યારે આઉટલેટ પાઇપ 16 કલાકમાં તે જ ટાંકી ખાલી કરી શકે છે. જો બંને પાઇપો એકસાથે ખોલવામાં આવે, તો ટાંકીને સંપૂર્ણપણે ભરવામાં કેટલો સમય લાગશે?

**Ans**
- ✓ 1. 16 કલાક
- ✗ 2. 12 કલાક
- ✗ 3. 24 કલાક
- ✗ 4. 8 કલાક

Section : **Reasoning**

**Q.91** જો + નો અર્થ × થાય, – નો અર્થ + થાય, × નો અર્થ ÷ થાય, ÷ નો અર્થ – થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવશે?
12 + 6 – 30 × 2 ÷ 5 + 8 = ?

**Ans**
✗ 1. 14
✓ 2. 47
✗ 3. 56
✗ 4. 38

**Q.92** આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન ('?') ના સ્થાને શું આવવું જોઈએ?

8, 16, 24, 32, 40, ?

**Ans**
✗ 1. 44
✓ 2. 48
✗ 3. 46
✗ 4. 52

**Q.93** શ્રી ઇવાન પોઈન્ટ A થી વાહન ચલાવવાનું શરૂ કરે છે અને 10 km ઉત્તર તરફ ચલાવે છે. તે પછી ડાબો વળાંક લે છે અને 5 km ચલાવે છે. તે ફરીથી ડાબો વળાંક લે છે અને 9 km ચલાવે છે. તે પછી જમણો વળાંક લે છે અને 7 km ચલાવે છે. તે પછી ડાબો વળાંક લે છે અને 8 km ચલાવે છે. ત્યારબાદ, તે ડાબો વળાંક લે છે અને 15 km ચલાવે છે. તેના પછી, તે અંતિમ ડાબો વળાંક લે છે અને 7 km ચલાવીને પોઈન્ટ P પર અટકે છે. તો પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશા તરફ વાહન ચલાવવું જોઈએ? (જ્યાં સુધી ઉલ્લેખિત ન હોય, ત્યાં સુધી બધા વળાંક ફક્ત 90 ડિગ્રી વળાંક છે.)

**Ans**
✗ 1. 8 km પૂર્વ તરફ
✓ 2. 3 km પશ્ચિમ તરફ
✗ 3. 5 km દક્ષિણ તરફ
✗ 4. 7 km ઉત્તર તરફ

**Q.94** નીચે આપેલા નામ અને સરનામાની તમામ વિગતો કયા વિકલ્પમાં સંપૂર્ણપણે સાચી રીતે દર્શાવવામાં આવી છે તે વિકલ્પ પસંદ કરો.

Mr. Faizan A. Sheikh, Room No. 7, Al-Noor Building, Mohammed Ali Road, Bhendi Bazaar, Mumbai, Maharashtra – 400003

**Ans**
✗ 1. Mr. Faizan A. Sheikh, Room No. 7, Al-Noor Building, Mohammed Ali Road, Bhendi Bazaar, Mumbai, Maharashtra – 400030
✗ 2. Mr. Faizan A. Sheikh, Room No. 7, Al-Noor Building, Mohammed Ali Road, Bhendi Bazar, Mumbai, Maharashtra – 400003
✓ 3. Mr. Faizan A. Sheikh, Room No. 7, Al-Noor Building, Mohammed Ali Road, Bhendi Bazaar, Mumbai, Maharashtra – 400003
✗ 4. Mr. Faizan A. Sheikh, Room No. 7, Al-Noor Building, Mohammad Ali Road, Bhendi Bazaar, Mumbai, Maharashtra – 400003

Q.95 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ વ્યક્તિઓ — B, F, K, N અને T પૈકી દરેક પાંચ માળની ઇમારતના જુદા જુદા માળ પર રહે છે. ગ્રાઉન્ડ ફ્લોરનો ક્રમાંક 1 છે અને સૌથી ઉપરના માળનો ક્રમાંક 5 છે. સૌથી ઉપરના માળ પર કોણ રહે છે?

વિધાન I: B એ 4થા માળ પર રહે છે. F એ B ની ઉપર રહે છે.
વિધાન II: T એ 1લા માળ પર રહે છે. N એ B ની નીચે રહે છે.

Ans
✗ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.96 એક સચોટ એનાલોગ ઘડિયાળનું અરીસામાંનું પ્રતિબિંબ 09:38 hrs નો સમય દર્શાવે છે. તો ઘડિયાળમાં દર્શાવેલો વાસ્તવિક સમય કેટલો છે?

Ans
✗ 1. 03:22 hrs

✓ 2. 02:22 hrs

✗ 3. 01:32 hrs

✗ 4. 02:32 hrs

Q.97 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: 4 વૃક્ષો – F, I, M અને X – પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, કયું વૃક્ષ સૌથી ઊંચું છે?

વિધાનો:
(I) F એ I કરતાં નીચું છે, પરંતુ M કરતાં ઊંચું છે. M એ માત્ર એક જ વૃક્ષ કરતાં ઊંચું છે.
(II) F એ X કરતાં ઊંચું છે.

Ans
✗ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.98 નીચે આપેલા શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.

1. તપાસ (Investigation)
2. ગુનો (Crime)
3. સજા (Punishment)
4. પોલીસ (Police)
5. કોર્ટ (Court)

Ans
✗ 1. 3, 4, 1, 2, 5

✓ 2. 2, 4, 1, 5, 3

✗ 3. 2, 3, 4, 1, 5

✗ 4. 3, 2, 1, 4, 5

Q.99 પાંચ વ્યક્તિઓ F, L, Q, V અને X ના ગુણ જુદા જુદા છે. માત્ર F ના ગુણ L કરતાં વધુ છે. X ના ગુણ V કરતાં ઓછા છે પરંતુ Q કરતાં વધુ છે.
નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.
______ એ બીજા ક્રમના સૌથી ઓછા ગુણ મેળવ્યા છે.

Ans
1. V
2. F
3. X ✔
4. L

Q.100 સંખ્યાઓના બે સેટ નીચે આપવામાં આવ્યા છે. દરેક સંખ્યાના સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ચોક્કસ ગાણિતિક ક્રિયા (ઓપરેશન્સ) કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે, એ જ પ્રમાણે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયા કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આ ક્રિયાને છેલ્લી સંખ્યા મળતા સુધી દોહરાવવામાં આવે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ નીચે આપેલા સેટની સમાન ક્રિયાઓનું અનુસરણ કરે છે?

15 – 18 – 54 – 57
9 – 12 – 36 – 39

(નોંધ – બે/ ત્રણ અંકોની સંખ્યાને ઓપરેશન્સ માટે વ્યક્તિગત અંકોમાં છૂટી પાડી શકાતી નથી. દા. ત. જો 37 પછી 10 આવે, તો ઓપરેશન 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકોની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં છૂટી પાડવાની નથી.)

Ans
1. 7 – 10 – 30 – 36
2. 10 – 13 – 39 – 40
3. 6 – 9 – 27 – 34
4. 8 – 11 – 33 – 36 ✔

Q.101 જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને શું આવશે?

20 + 14 × 7 − 8 ÷ 2 = ?

Ans
1. 34 ✔
2. 8
3. 114
4. 15

Q.102 સાત બોક્સ G, H, J, K, R, S અને T ને એક બીજાની ઉપર રાખવામાં આવ્યા છે પરંતુ જરૂરી નથી કે તેમને એ જ ક્રમમાં રાખવામા આવ્યા હોય. T ની નીચે માત્ર બે બોક્સ રાખવામાં આવ્યા છે. S અને T ની વચ્ચે માત્ર બે બોક્સ રાખવામાં આવ્યા છે. G ને T ની તરત જ ઉપર રાખવામાં આવ્યું છે. H ને J ની તરત જ ઉપર રાખવામાં આવ્યું છે. R ને K ની નીચેના કોઈ એક સ્થાને રાખવામાં આવ્યું છે. તો R અને H ની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

Ans
1. બે ✔
2. એક
3. ચાર
4. ત્રણ

Q.103 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,

A + B નો અર્થ થાય છે કે 'A એ B ની માતા છે'
A – B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'
A × B નો અર્થ થાય છે કે 'A એ B ની પત્ની છે'
A % B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'
A # B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'
ઉપરોક્ત અનુસાર, જો 'E % U # S # K x P' હોય, તો P એ U સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
1. પત્નીના પિતા
2. માતાના પિતા ✔
3. પુત્રીનો પતિ
4. પિતાની માતા

**Q.104** નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યું છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

સંખ્યા/પ્રતીક 1 @ 6 % 3 # 8 & 5 $ 2 + 7 9

કોડ H T B P K D M R U F A W L Q

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને અંતિમ ઘટક એકી હોય, તો તેમના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો એકી સંખ્યાઓ હોય, તો બીજા ઘટકનો કોડ પણ ત્રીજા ઘટકના કોડ જેવો જ રાખવો.
(iii) જો પાંચમો ઘટક એક પ્રતીક હોય, તો તેને © તરીકે કોડબદ્ધ કરવો.

7 1 5 + 6 માટે સાચો કોડ કયો હશે?

**Ans**
- ✗ 1. LHUWB
- ✗ 2. LUUWA
- ✓ 3. LUUWB
- ✗ 4. LUHWB

**Q.105** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: 5 લાકડીઓ – G, J, L, N અને P – અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, તો કઈ લાકડી સૌથી લાંબી છે?

વિધાનો:
(I) L એ માત્ર એક જ લાકડી કરતાં લાંબી છે. N એ J કરતાં ટૂંકી છે પરંતુ G કરતાં લાંબી છે.
(II) N એ P કરતાં લાંબી છે.

**Ans**
- ✗ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.106** એક ચોક્કસ તર્કને અનુસરતા, 15 એ 32 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરતા, 22 એ 46 સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસરતા, 31 એ નીચેનામાંથી કયા સાથે સંબંધિત છે?
(નોંધ: તમામ ગાણિતિક ક્રિયાઓ આખી સંખ્યા પર જ કરવાની રહેશે, સંખ્યાઓને તેના અલગ-અલગ અંકોમાં વિભાજીત કરીને નહીં. દા.ત. 13 પર ગાણિતિક ક્રિયાઓ જેવી કે સરવાળો/બાદબાકી/ગુણાકાર વગેરે કરી શકાય છે. પરંતુ 13 ને 1 અને 3 માં વિભાજીત કરીને તેના પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી)

**Ans**
- ✓ 1. 64
- ✗ 2. 66
- ✗ 3. 62
- ✗ 4. 60

Q.107 આપેલા શબ્દો અંગ્રેજી શબ્દકોશ (ડિક્શનરી) માં જે ક્રમમાં જોવા મળે તે મુજબનો સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.
1. Lauder
2. Ladies
3. lapses
4. Labour
5. Lamely

Ans
✗ 1. 2, 4, 3, 1, 5
✗ 2. 1, 2, 3, 4, 5
✗ 3. 4, 1, 5, 2, 3
✓ 4. 4, 2, 5, 3, 1

Q.108 E, S, Z, A, Q, X અને W એક વર્તુળાકાર મેજની ફરતે કેન્દ્ર તરફ મુખ કરીને બેઠા છે. જ્યારે Q ની જમણી બાજુથી ગણતરી કરવામાં આવે, ત્યારે Q અને S ની વચ્ચે બરાબર ત્રણ લોકો બેસે છે. A એ S ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. E એ Z ની તરત જ ડાબી બાજુએ બેસે છે. X એ S ની તરત જ બાજુમાં બેસતો નથી. તો જ્યારે Z ની જમણી બાજુથી ગણતરી કરવામાં આવે, ત્યારે Z અને W ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
✓ 1. 3
✗ 2. 4
✗ 3. 2
✗ 4. 1

Q.109 નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાનો: કેટલીક ઢીંગલીઓ એ ઘોડાઓ છે. બધા ઘોડાઓ એ મૂળાઓ છે.

તારણ (I): કેટલાક મૂળાઓ એ ઢીંગલીઓ છે.
તારણ (II): બધી ઢીંગલીઓ એ મૂળાઓ છે.

Ans
✗ 1. (I) અને (II) બંને તારણો અનુસરે છે.
✗ 2. ફક્ત તારણ (II) અનુસરે છે.
✗ 3. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.
✓ 4. ફક્ત તારણ (I) અનુસરે છે.

Q.110 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

TOP, FUN, BAG, LID

જો દરેક શબ્દમાં, દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે, તો આ રીતે બનતા કેટલા અક્ષરો-સમૂહમાં કોઈપણ સ્વર નહીં હોય?

Ans
✗ 1. 0
✗ 2. 2
✓ 3. 1
✗ 4. 3

Q.111 S, T, G, H, અને K પૈકી દરેકની ઊંચાઈ જુદી-જુદી છે. S એ G કરતાં ઊંચો છે. માત્ર K એ H કરતાં નીચો છે. T એ S કરતાં ઊંચો છે.
તો કેટલા લોકો G કરતાં નીચા છે?

Ans
✗ 1. ચાર
✓ 2. બે
✗ 3. એક
✗ 4. ત્રણ

Q.112 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 263 341 489 572 715 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
નોંધ - તમામ ક્રિયાઓ ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
જો તમામ સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલી સંખ્યાઓનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

Ans
1. 4
2. 5
3. 0
4. 2

Q.113 નીચે આપેલી સંખ્યા અને પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. (બધી સંખ્યાઓ ફક્ત એક-અંકની સંખ્યાઓ છે)
(ડાબી બાજુ) Ω ≥ ÷ ∞ & ≤ 3 ≠ 5 8 ≠ ≤ √ 6 √ ÷ 8 ≠ 1 Δ & (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે કે જે દરેકની તરત પહેલાં એક સંખ્યા આવે છે અને તરત પછી એક પ્રતીક પણ આવે છે?

Ans
1. એક
2. ચાર
3. ત્રણ
4. બે

Q.114 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને શું આવવું જોઈએ?

FBP ICR LDT OEV ?

Ans
1. RFT
2. RFX
3. RTF
4. RRT

Q.115 મૂળાક્ષરો M, O, R અને A નો એ રીતે ઉપયોગ કરીને કેટલા અર્થપૂર્ણ ચાર-અક્ષરવાળા અંગ્રેજી શબ્દો બનાવી શકાય છે, જેમાં આ બધા મૂળાક્ષરનો ઉપયોગ કરવાનો છે પરંતુ દરેક શબ્દમાં દરેક મૂળાક્ષરનો ઉપયોગ ફક્ત એક જ વાર કરી શકાય છે?

Ans
1. 3
2. 1
3. 4
4. 2

Q.116 A, B, C, D, E અને F પૈકી દરેકની ઉંમર અલગ-અલગ છે. D એ માત્ર બે જ વ્યક્તિઓ કરતાં ઉંમરમાં મોટો છે. F એ E કરતાં ઉંમરમાં મોટો છે અને E એ A કરતાં ઉંમરમાં મોટો છે. B એ C કરતાં ઉંમરમાં નાનો છે અને C એ A કરતાં ઉંમરમાં મોટો નથી. તો ઉંમરમાં સૌથી મોટો કોણ છે?

Ans
1. B
2. F
3. A
4. D

Q.117 FORMULIZE શબ્દમાં દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પહેલા આવતા અક્ષરમાં બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની પછી આવતા બીજા અક્ષરમાં બદલવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના સમૂહમાં કેટલા અક્ષરો બરાબર બે વાર દેખાશે?

Ans
1. એક
2. ત્રણ
3. બે
4. ચાર

Q.118 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) Q B V C W U I L M N F G H V S E Z S A L J M (જમણી બાજુ)

આપેલી શ્રેણીમાં ડાબા છેડેથી બીજા અક્ષર અને જમણા છેડેથી બીજા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
❌ 1. છ
✔ 2. સાત
❌ 3. ચાર
❌ 4. પાંચ

Q.119 નીચે આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશના ક્રમમાં ગોઠવાતા કયો સાચો વિકલ્પ બને છે તે પસંદ કરો.

1. Slab
2. Warp
3. Husk
4. Fern

Ans
✔ 1. 4, 3, 1, 2
❌ 2. 4, 1, 3, 2
❌ 3. 3, 4, 1, 2
❌ 4. 4, 3, 2, 1

Q.120 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. નક્કી કરો કે પ્રશ્નનો ઉત્તર આપવા માટે વિધાનોમાં આપેલી માહિતી પૂરતી છે કે નથી. બંને વિધાનો વાંચો અને યોગ્ય ઉત્તર નક્કી કરો.

પ્રશ્ન:
છ વ્યક્તિઓ — પારુલ, દિનેશ, ફરહા, ગોપાલ, લીના અને નિખિલ — એક રેસ (દોડ) અલગ-અલગ સમયે પૂરી કરે છે. તો રેસમાં સૌથી છેલ્લે કોણ આવ્યું હતું?

વિધાન I: દિનેશે પારુલ, ફરહા અને નિખિલ પછી રેસ પૂરી કરી. ગોપાલે દિનેશ પછી રેસ પૂરી કરી.
વિધાન II: લીનાએ ગોપાલ પહેલાં રેસ પૂરી કરી.

Ans
❌ 1. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✔ 2. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે લઈને (અને વિધાન I અથવા વિધાન II ને એકલા ધ્યાનમાં ન લેતા) પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે.
❌ 3. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
❌ 4. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે લેતા પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.

Q.121 નીચેનામાંથી એવો વિકલ્પ પસંદ કરો જેમાં આપેલા નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.
Ms. Neha A. Verma
Flat No. 215, Royal Residency,
8, Civil Lines,
Jaipur, Rajasthan – 302006

Ans
❌ 1. Ms. Neha R. Verma, Flat No. 215, Royal Residency, 8, Civil Lines, Jaipur, Rajasthan – 302006
❌ 2. Ms. Neha A. Verma, Flat No. 215, Royal Residency, 8, Civil Line, Jaipur, Rajasthan – 302006
❌ 3. Ms. Neha A. Verma, Flat No. 251, Royal Residency, 8, Civil Lines, Jaipur, Rajasthan – 302006
✔ 4. Ms. Neha A. Verma, Flat No. 215, Royal Residency, 8, Civil Lines, Jaipur, Rajasthan – 302006

Q.122 જો 5 જાન્યુઆરી 1956 એ ગુરુવાર હતો, તો 25 એપ્રિલ 1959 એ અઠવાડિયાનો કયો દિવસ હતો?

Ans
❌ 1. ગુરુવાર
✔ 2. શનિવાર
❌ 3. શુક્રવાર
❌ 4. સોમવાર

Q.123 જો 24 મે 2017 ના રોજ બુધવાર હોય, તો 24 સપ્ટેમ્બર 2017 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
❌ 1. શનિવાર
❌ 2. શુક્રવાર
✔ 3. રવિવાર
❌ 4. ગુરુવાર

Q.124 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને નીચેના પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) J K L B N M Q W E V P Y T R S I X Z O F H G U (જમણી બાજુ)

એવા કેટલા સ્વરો છે, જે દરેકની તરત જ પહેલાં એક વ્યંજન આવે છે અને તરત જ પછી પણ એક વ્યંજન આવે છે?
(ડાબેથી જમણે જ વાંચવું)

Ans
✔ 1. ત્રણ
❌ 2. એક પણ નહીં
❌ 3. બે
❌ 4. એક

Q.125 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
છ વ્યક્તિઓ — D, G, K, N, S અને W — નાં વજન અલગ-અલગ છે. સૌથી વધુ વજન કોનું છે?

વિધાન I: S નું વજન D, G, K, N અને W કરતાં વધુ છે.
વિધાન II: D નું વજન K નાં વજન કરતાં વધુ છે. N નું વજન W નાં વજન કરતાં વધુ છે. G નું વજન K નાં વજન કરતાં વધુ છે.

Ans
❌ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
❌ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
❌ 3. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ 4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.126 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.

(ડાબી બાજુ) U R I U M Z R E T Q M U Y C N O I H M O I L (જમણી બાજુ)

તો એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક વ્યંજન આવે છે અને તરત જ પછી એક સ્વર પણ આવે છે?

Ans
✔ 1. 4
❌ 2. 2
❌ 3. 5
❌ 4. 3

Q.127 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. નીચેનામાંથી કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

Ans
✔ 1. ORN
❌ 2. GIF
❌ 3. CEB
❌ 4. YAX

**Q.128** **એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકવાળા બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન:**
**5 લાકડીઓ K, Y, M, T અને C, પૈકી દરેક અલગ-અલગ લંબાઈ ધરાવે છે, તો કઈ લાકડી સૌથી ટૂંકી (shortest) છે?**

**વિધાનો:**
**(I) C એ Y કરતાં ટૂંકી છે. T એ K કરતાં ટૂંકી છે.**
**(II) T એ C કરતાં લાંબી છે.**

**Ans**
✔ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✘ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.129** **હરમન બિંદુ A થી મુસાફરીની શરૂઆત કરે છે અને ઉત્તર દિશા તરફ 5 km ગાડી ચલાવે છે. ત્યાંથી તે જમણી તરફ વળાંક લઈ 7 km ગાડી ચલાવે છે. ત્યારબાદ તે ડાબી તરફ વળાંક લઈ 9 km ગાડી ચલાવે છે અને પછી ફરીથી જમણી તરફ વળાંક લઈ 8 km ગાડી ચલાવે છે. અંતમાં, તે એક છેલ્લો જમણી તરફ વળાંક લઈ 14 km ગાડી ચલાવે છે અને બિંદુ B પર ઊભો રહે છે. તેને ફરીથી બિંદુ A પર પહોંચવા માટે કેટલું (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ગાડી ચલાવવી પડશે? (જ્યાં સુધી અલગથી ઉલ્લેખ ન હોય ત્યાં સુધી તમામ વળાંકો માત્ર 90 ડિગ્રીના જ છે)**

**Ans**
✘ 1. 13km પશ્ચિમ
✔ 2. 15km પશ્ચિમ
✘ 3. 12km પૂર્વ
✘ 4. 10km ઉત્તર

**Q.130** **એક ચોક્કસ કૂટ ભાષામાં, 'SOAP' ને '9867' તરીકે અને 'SHOP' ને '9847' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. તે ભાષામાં 'H' માટેનો કૂટ (કોડ) શું છે?**

**Ans**
✘ 1. 9
✘ 2. 6
✔ 3. 4
✘ 4. 7

**Q.131** **T એ V ના પિતા છે. V એ K નો ભાઈ છે. K એ G નો પુત્ર છે. G એ M ની બહેન છે. M એ R ની પુત્રી છે. તો V એ M સાથે કેવી રીતે સંબંધિત છે?**

**Ans**
✘ 1. ભાઈ
✘ 2. માતાના પિતા
✔ 3. બહેનનો પુત્ર
✘ 4. પિતા

**Q.132** **P, Q, R, S, T, U અને V પૈકી દરેકની પરીક્ષા અઠવાડીયાના જુદા જુદા દિવસે છે જે સોમવારથી શરૂ થઈને તે જ અઠવાડીયાના રવિવારે સમાપ્ત થાય છે.**
**V ની પરીક્ષા ગુરુવારે છે. T અને P ની વચ્ચે બરાબર 4 વ્યક્તિઓની પરીક્ષા છે, જેમાંથી કોઈની પણ પરીક્ષા રવિવારે નથી. R ની પરીક્ષા S ની તરત જ પહેલાં છે. Q ની પરીક્ષા શુક્રવારે નથી. T ની પરીક્ષા S પછી નથી.**
**તો S ની પહેલાં કેટલા લોકોની પરીક્ષા છે?**

**Ans**
✘ 1. 3
✘ 2. 4
✔ 3. 2
✘ 4. 1

**Q.133** I એ T ના પિતા છે. T એ W ની બહેન છે. W એ X ની પુત્રી છે. X એ I ની ____ છે.

Ans
- ✗ 1. બહેન
- ✓ 2. પત્ની
- ✗ 3. પુત્રી
- ✗ 4. માતા

**Q.134** જો સંખ્યા 5716342 ના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં ડાબી બાજુથી બીજા અંક અને જમણી બાજુથી બીજા અંક વચ્ચેનો તફાવત શું હશે?

Ans
- ✗ 1. 4
- ✗ 2. 5
- ✗ 3. 8
- ✓ 4. 6

**Q.135** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
બિંદુ X ની સાપેક્ષમાં બિંદુ Y કઈ દિશામાં છે?

વિધાન: સુરેશ બિંદુ Y તરફ મુખ કરીને બિંદુ X પર ઊભો છે. બિંદુ Z એ સુરેશની જમણી બાજુએ છે.
વિધાન: બિંદુ Z એ બિંદુ X ની ઉત્તર તરફ છે.

Ans
- ✗ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q.136** 7 વ્યક્તિઓ - B, G, L, N, O, P અને R પૈકી દરેક ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેઠા છે. P ની ડાબી બાજુએ કોઈ પણ બેઠું નથી. P અને G ની વચ્ચે માત્ર ચાર જ વ્યક્તિઓ બેઠી છે. R ની જમણી બાજુએ માત્ર ત્રણ જ વ્યક્તિઓ બેઠી છે. N એ O ની તરત જ ડાબી બાજુએ બેઠો છે. B એ R ની તરત બાજુમાં બેઠો નથી. હરોળના જમણા છેડા પર કોણ બેઠું છે?

Ans
- ✗ 1. P
- ✗ 2. O
- ✓ 3. B
- ✗ 4. R

**Q.137** **BLANKET** શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન અપરિવર્તિત (યથાવત) રહેશે?

Ans
- ✓ 1. 1
- ✗ 2. 2
- ✗ 3. 3
- ✗ 4. 0

**Q.138** ઉત્તર તરફ મુખ રાખીને ઊભેલા લોકોની હરોળમાં, નેહા જમણા છેડેથી 7મા સ્થાને છે. દીપક જમણા છેડેથી 15મા સ્થાને છે. દીપક એ નેહા અને વિનોદની બરાબર વચ્ચે છે. જો વિનોદ હરોળના ડાબા છેડેથી 7મા સ્થાને હોય, તો ____ એ હરોળમાં ઊભા રહેલા લોકોની કુલ સંખ્યા છે.

Ans
- ✗ 1. 25
- ✗ 2. 31
- ✓ 3. 29
- ✗ 4. 27

**Q.139** **નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને આવશે?**

**RHP 56 TIN 43 VJL 30 XKJ 17 ?**

**Ans**
- ✗ 1. AMI 7
- ✓ 2. ZLH 4
- ✗ 3. ALH 4
- ✗ 4. ZMI 7

**Q.140** **નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો.**

**(ડાબી બાજુ) Q E J V Q E Z Y F O M B D X K W P X W E E (જમણી બાજુ)**

**આપેલી શ્રેણીમાં જમણા છેડેથી ચોથા અક્ષર અને ડાબા છેડેથી આઠમા અક્ષરની વચ્ચે, અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવે છે?**

**Ans**
- ✓ 1. એકપણ નહીં
- ✗ 2. સાત
- ✗ 3. ત્રણ
- ✗ 4. પાંચ

**Q.141** **નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.**
**Mrs. Sunita V. Deshmukh, House No. 18, Jawahar Colony, Station Road, Satara, Maharashtra – 415001**

**Ans**
- ✗ 1. Mrs. Sunita V. Deshmukh, House No. 18, Jawahar Colony, Station Road, Satara, Maharastra – 415001
- ✗ 2. Mrs. Sunita V. Deshmukh, House No. 18, Jawahar Colony, Station Road, Satara, Maharashtra – 415010
- ✓ 3. Mrs. Sunita V. Deshmukh, House No. 18, Jawahar Colony, Station Road, Satara, Maharashtra – 415001
- ✗ 4. Mrs. Sunita V. Deshmukh, House No. 81, Jawahar Colony, Station Road, Satara, Maharashtra – 415001

**Q.142** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન:**
**K એ J સાથે કેવી રીતે સંબંધિત છે?**

**વિધાનો:**
**(I): K એ J ના ભાઈનો બાળક છે.**
**(II): K એ L નો એકમાત્ર પુત્ર છે. L એ J નો ભાઈ છે.**

**Ans**
- ✓ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q.143** **A, B, C, D, E અને F એક જ ઈમારતના છ અલગ-અલગ માળ પર રહે છે. ઈમારતના સૌથી નીચેના માળને 1 નંબર, તેની ઉપરના માળને 2 નંબર અને આ જ પ્રમાણે સૌથી ઉપરના માળને 6 નંબર આપવામાં આવ્યો છે. E અને F ની વચ્ચે ફક્ત ત્રણ લોકો રહે છે. A એ F ની તરત ઉપર રહે છે. A બેકી નંબરના માળ પર રહે છે. E સૌથી નીચેના માળ પર રહેતો નથી. B એ C ની તરત ઉપર રહે છે. D કયા નંબરના માળ પર રહે છે?**

**Ans**
- ✓ 1. માળ નંબર 6
- ✗ 2. માળ નંબર 2
- ✗ 3. માળ નંબર 1
- ✗ 4. માળ નંબર 5

**Q.144** અમુક ચોક્કસ તર્કને અનુસરીને, SJ 12 એ UI 3 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, WL 15 એ YK 6 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, TB 21 એ કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

**Ans**
✔ 1. VA 12
✘ 2. DR 11
✘ 3. BE 13
✘ 4. AA 11

**Q.145** નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય નીચેનામાંથી કયું હશે?

**17.41 + 32.07 x 2.90 – 8.12 = ?**

**Ans**
✘ 1. 90
✔ 2. 105
✘ 3. 120
✘ 4. 115

**Q.146** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી)

**Ans**
✘ 1. AC-FL
✔ 2. KI-TN
✘ 3. HJ-MS
✘ 4. KM-PV

**Q.147** નીચે આપેલી ત્રિપુટીઓમાં, દરેક અક્ષર સમૂહ એક ચોક્કસ તર્કને અનુસરીને અક્ષરોનો તેના પછીના અક્ષર સમૂહ સાથે સંબંધિત છે. આપેલા વિકલ્પોમાંથી એવો સમૂહ પસંદ કરો જે આ સમાન તર્કને અનુસરતો હોય.

**MONK - OMNK - KOMN**
**HERO - EHRO - OEHR**

**Ans**
✘ 1. SEAD - ESAD - DEAS
✔ 2. JOLT - OJLT - TOJL
✘ 3. KITE - KTIE - ETIK
✘ 4. ZERO - EZRO - EROZ

**Q.148** ઉત્તર તરફ મુખ કરીને ઊભેલા 87 વિદ્યાર્થીઓની એક હરોળમાં, મિસ્ટર ક્વામ એ જમણા છેડેથી 26મા સ્થાને છે. જો મિસ્ટર એબુકા એ મિસ્ટર ક્વામની ડાબી બાજુએ 39મા સ્થાને હોય, તો હરોળના ડાબા છેડેથી મિસ્ટર એબુકાનું સ્થાન શું છે?

**Ans**
✘ 1. 24મું
✘ 2. 26મું
✘ 3. 27મું
✔ 4. 23મું

**Q.149** આ પ્રશ્ન નીચે આપેલી પાંચ, ત્રણ-અંકી સંખ્યાઓ પર આધારિત છે.

**(ડાબી બાજુ) 267 534 829 470 359 (જમણી બાજુ)**

**(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)**

**જો સૌથી નાની સંખ્યાના પ્રથમ અંકને સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકમાંથી બાદ કરવામાં આવે, તો પરિણામ શું આવશે?**

**Ans**
✔ 1. 7
✘ 2. 2
✘ 3. 6
✘ 4. 9

Q.150 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યું છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

+ 9 4 5 6 * $ % & 1 3 # 2 ?

X E G C H U L O T B S K W A

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

$ & + # 1 માટે સાચો કોડ કયો હશે?

Ans
1. BTXKE
2. BTUKL
3. BTXKL
4. BHXKL

"